ॐ

''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મુલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર

અંક -૯ ૧ ઓક્ટોબર ૨૦૧૫ પાના-૮ લવાજમ વાર્ષિક-રૂ.૧૦૦/-

## રાજવાણી - 'નીતિ'

ગૃહવાસનો જેને ઉદય વર્તે છે તે જો કંઈપણ શુભધ્યાનની પ્રાપ્તિ ઈચ્છતા હોય તો તેના મૂળ હેતુભૂત એવા અમુક સદ્વર્તન પૂર્વક રહેવું યોગ્ય છે. જે અમુક નિયમમાં 'ન્યાય સંપન્ન આજીવિકાદિ વ્યવહાર' તે પહેલો નિયમ સાધ્ય કરવો ઘટે છે. એ નિયમ સાધ્ય થવાથી ઘણા આત્મગુણો પ્રાપ્ત કરવાનો અધિકાર ઉત્પન્ન થાય છે.

આ પ્રથમ નિયમ ઉપર જો ધ્યાન આપવામાં આવે અને તે નિયમને સિધ્ધ જ કરવામાં આવે તો કષાયાદિ સ્વભાવથી મંદ પડવા યોગ્ય થાય છે, અથવા જ્ઞાનીનો માર્ગ આત્મપરિણામી થાય છે, જે પર ધ્યાન આપવુ યોગ્ય છે.

દેશ કાળ સંગ આદિનો વિપરીત યોગ ઘણું કરીને તમને વર્તે છે. માટે વારંવાર પળે પળે તથા કાર્યે કાર્યે સાવચેતીથી નીતિ આદિ ધર્મોમાં વર્તવું ઘટે છે.

તમારી પેઠે જે જીવ કલ્યાણની આકાંક્ષા રાખે છે, અને પ્રત્યક્ષ સદગુરુનો નિશ્ચય છે, તેને પ્રથમ ભૂમિકામાં એ નીતિ મુખ્ય આધાર છે.

જે જીવ સત્પુરુષનો નિશ્ચય થયો છે એમ માને છે, તેને વિષે ઉપર કહી તે નીતિનું જો બળવાનપણું ન હોય અને કલ્યાણની યાચના કરે તથા વાર્તા કરે તો એ નિશ્ચય માત્ર સત્પુરુષને વંચવા બરોબર છે. જોકે સત્પુરુષ તો નિરાકાંક્ષી છે એટલે, તેને છેતરાવાપણું કંઈ છે નહીં, પણ એવા પ્રકારે જીવ તે અપરાધ યોગ્ય છે.

આ વાત પર વારંવાર તમારે તથા તમારા સમાગમને ઈચ્છતા હોય તે મુમુક્ષુઓને લક્ષ કર્તવ્ય છે. કઠણ છે માટે ન બને, એ કલ્પના મુમુક્ષુને અહિતકારી છે અને છોડી દેવા યોગ્ય છે.

નીતિના બાંધાપર પગ ન મૂકવો.

નીતિ વિના સંસાર ભોગવું નહીં

જે મુમુક્ષુ જીવ ગૃહસ્થ વ્યવહારમાં વર્તતા હોય, તેણે તો અખંડ નીતિનું મૂળ પ્રથમ આત્મામાં સ્થાપવું જોઈએ નહીં તો ઉપદેશાદિનું નિષ્ફળપણું થાય છે.

દ્રવ્યાદિ ઉત્પન્ન કરવા આદિમાં સાંગોપાંગ ન્યાય સંપન્ન રહેવું તેનું નામ નીતિ છે. એ નીતિ મૂકતાં પ્રાણ જાય એવી દશા આવ્યે ત્યાગ વૈરાગ્ય ખરા સ્વરૂપમાં પ્રગટે છે અને તે જ જીવને સત્પુરુષનાં વચનનું તથા આજ્ઞાધર્મનુ અદ્‌ભૂત સામર્થ્ય, માહાત્મ્ય અને રહસ્ય સમજાય છે. અને સર્વ વૃત્તિઓ નિજપણે વર્તવાનો માર્ગ સ્પષ્ટ સિધ્ધ થાય છે.-

**-શ્રીમદ્ રાજચંદ્રજી.**

## મુસ્લિમ મહાત્માઓની વાણી

**તપસ્વી અબુ અલ્લિ શકિક :**

૧. વિશ્વાસુ માણસ જ્ઞાનની વાત નાસ્તિક અને વિધર્મી પાસેથી પણ ગ્રહણ કરશે.

૨. જે માણસ પોતાની આજીવિકા માટે ઈશ્વર ઉપર જ બધો વિશ્વાસ મુકીને પાપી પ્રવૃત્તિ છોડી દે છે અને પ્રભુ તરફ જ વખત ગાળે છે, તેનું ચરિત્ર ઉન્નત થતું જાય છે અને તેની ધર્મ સાધના ઘણા ઊંચા પ્રકારની બને છે.

૩. ફકીરીની શોભા ત્રણ બાબતોમાં છે. (૧) હૃદયની વિશાળતા, (૨) અંત:કરણની શાંતિ, (૩) નિષ્પાપ બુધ્ધિ.

૪. બુધ્ધિમાન કોણ ? જે સંસાર ઉપર પ્રેમ ન કરે તે. ધનવાન કોણ ? જે પ્રભુ આપે તેમાં સંતોષી રહે તે. ચતુર કોણ ? સંસાર જેને ફસાવી શકતો નથી તે. કૃપણ કોણ ? ઈશ્વરે આપેલા ધનનું દાન કરવામાં સંકોચ રાખે તે.

**તપસ્વી સુફિયાન સુરી બસરી**

૧. જેના આચરણમાં પણ વૈરાગ્ય ઉતરી ચૂકેલો હોય, તે જ સાચો વૈરાગ્યવાન છે. ૨. ઈશ્વરના જે અપરાધો કર્યા હશે તે તો સહેલાઈથી તે માફ કરશે પરંતુ તેના ભક્તોના અપરાધોની માફી પ્રભુ તરફથી મળવી સહેલી નથી. ૩. સાધનાની પ્રથમાવસ્થામાં એકાંત ત્યાર પછી જ્ઞાન, જિજ્ઞાસા, ત્યાર પછી જ્ઞાનાનુસાર વર્તણુક અને જ્ઞાન પ્રચારનું કાર્ય તો તે પછી જ થાય છે. ૪. બે આંખો અને અલ્પજ્ઞાન વડે તમે જેટલું જોઈ શકો છો, તેના કરતાં સર્વજ્ઞ અને હજાર આંખો વાળો પ્રભુ તમારું હિત અને સર્વ કાંઈ બહુ જ સારી રીતે જોઈ શકે છે તે તમો કદી પણ ભૂલશો નહિ.

**તપસ્વી ઈમામ શફી મત્લુબી**

જે માણસ આ સંસારમાં અનધિકારી લોકોને તત્વજ્ઞાનનો ઉપદેશ આપે છે તે તત્વજ્ઞાનનું મહત્વ નષ્ટ કરે છે અને જે માણસ અધિકારીજનોને તત્વજ્ઞાનથી વંચિત રાખે છે, તે જુલ્મ કરે છે.

જો સમગ્ર સંસાર પણ માત્ર રોટલાના ટુકડા બદલ ખરીદી શકાતો હોય, તો પણ હું તો તેને ખરીદું નહિ.

પુણ્યાત્મા ઋષિઓના જ્ઞાનની બરાબરી મારું જ્ઞાન કરી શકે તેમ નથી, અને તેમનું જ્ઞાન વળી મહર્ષિઓના એક વચન બરાબર નથી.

**''મુસ્લિમ મહાત્માઓ'' પુસ્તકમાંથી સાભાર સંશોધક: ભિક્ષુ અખંડાનંદ. અનુ. જગજીવનદાસ કે. પાઠક**

# હું તો સત્યનો સેવક છું

મને લાગે છે કે એ સંત શબ્દ આધુનિક જીવનમાંથી રદબાતલ ઠરાવવો જોઈએ. એ શબ્દ એટલો બધો પવિત્ર છે કે કોઈને પણ માટે વગર વિચાર્યે વાપરી ન શકાય અને મારા જેવાને માટે તો નહી જ. કેમકે હું તો માત્ર સત્યનો નમ્ર સેવક હોવાનો જ દાવો કરું છું.

બ્રહ્મચારી એ સ્વાભાવિક સન્યાસી છે. બ્રહ્મચર્યાશ્રમ એ સન્યાસાશ્રમ કરતા વધારે ચડિયાતો આશ્રમ છે પણ એને આપણે પાડ્યો છે. એટલે આપણો ગૃહસ્થાશ્રમ અને વાનપ્રસ્થાશ્રમ પણ બગડયો છે. સન્યાસ તો નામ પણ નથી રહ્યું એવી આપણી દીન સ્થિતિ છે.

હું કબુલ કરું છું કે, હું પૂર્ણ પુરૂષ હોત તો મારા પાડોશીઓના દુઃખ જોઈ અત્યારે જે રીતે દુઃખી થાઉ છું તે રીતે દુઃખી થાત નહી. પૂર્ણ પુરૂષ તરીકે હું તે ધ્યાનમાં લેત, તેનો ઉપાય બતાવત અને મારા માંના અજેય સત્યના સામર્થ્ય વડે એ ઉપાયો હું બીજાઓની પાસે લેવડાવત. સંત યા ઋષિ એ કંઈ ફિલસુફીનું પુસ્તકાલય... ... ... ... જીવતો જાગતો વિશ્વકોષ હોય એવું નથી. તેનામાં ખુદ વિચાર જ જીવન રૂપે, દેહ રૂપે, હસ્તીરૂપે કાર્યમાં નિપુણતારૂપે પરિવર્તન પામે છે અને પછી સાક્ષાત્કારની તેની ભૂમિકા જેટલી વધારે ઊંચી તેટલી તેની તાકાત વધારે.

સાધનાની કોઈપણ પધ્ધતિને યંત્રવત અનુસરવા થકી આ અવસ્થા પ્રાપ્ત કરી શકાતી નથી. જીવનભરની સાધના, સમર્પણ તથા ઈશ્વર પ્રણિધાન દ્વારા એ પ્રાપ્ત કરી શકાય છે. માણસે પોતાનો ઉત્કર્ષ સાધીને એ આત્મસાત કરવાની છે... **''ગાંધીજીનો અક્ષર દેહ'' માંથી સાભાર... મહાત્મા ગાંધી.**

**સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો...શ્રીમદ્ રાજચંદ્ર**

## આ અંકમાં


| | |
|---|---|
| રાજવાણી નીતિ - મુસ્લિમ મહાત્માઓની વાણી - | ૧ |
| હું તો સત્યનો સેવક છું - એક પ્રેરક સંવાદ-જે.આર.ડી.ટાટા - | ૨ |
| મેલો દલપત ડા'પણ મેલો કવિતા, દલપત પઢિયાર | ૨ |
| ગાંધી વિચાર એ સંશોધનનો વિષય છે - તંત્રી સ્થાનેથી | ૩ |
| કલામ સર સાથેના છેલ્લા દિવસોની યાદી, શ્રીજન પાલ સિંહ - | ૪ |
| શ્રમદાન- કૃષિ પરાશર અને છાણિયું ખાતર-લવાજમ | ૫ |
| પડતર જમીનમાં પાક લહેરાયો - શા કારણે જાપાની અનોખા | ૬ |
| મેથીના દાણા - ગોધન સાત્વિક, સંસ્થાન-ઓર્ગેનિક ખેતી - | ૭ |
| સમાજસેવા માટે જાતે જ સંસ્થા બનો - | ૮ |



**આ અંકનું સ્પોન્સરશીપ-સૌજન્ય**
**મગનલાલ હરીલાલ દોશી, એચ.જે.હાઉસ,**
**પેડર રોડ, મુંબઈ ૪૦૦ ૦૨૬.**
**તરફથી મળેલ છે, જેની હર્ષ તથા આભારની લાગણી સાથે ઋણ સ્વીકાર કરીએ છીએ.**


# એક પ્રેરક સંવાદ...
# જે. આર. ડી. ટાટા

જે. આર. ડી. તાતાની બાયોગ્રાફીનો એક પ્રસંગ છે :
એક દિવસ તેઓએ તેમના ઉત્તરાધિકારીને બોલાવીને કહ્યું કે...
'તમે ભણી લીધુ, હવે ધંધામાં ધ્યાન આપો.'
ત્યારે તેમના ઉત્તરાધિકારીએ કહ્યું કે...
'મારે બિઝનેસમાં આવવું નથી. સેવા કરવી છે.'
સામે સવાલ થયો... 'કેવી સેવા ?'
જવાબ મળ્યો
'જરૂરિયાતમંદોને અનાજ-કપડા-દવા વગેરે પૂરા પાડવા છે.'
જવાબ સાંભળી જે. આર. ડી. તાતાએ કહ્યું કે,
'એ સેવા નથી-સોશ્યલ ક્રાઈમ - સામાજીક અપરાધ છે.'

''તમારે ખરેખર સેવા કરવી હોય તો 'નહીં નફા નહીં નુકશાનીના' ધોરણે ચાલતી એક ઈન્ડસ્ટ્રી બનાવો. પાંચ હજાર લોકોને રોજી મળશે અને ૩૦ હજાર લોકોને તમે રોજ અનાજ - દવા - કપડા જેવી જીવન જરૂરિયાતની ચીજો પૂરી પાડશો. જો તમો આ બધુ મફતમાં - વિના મૂલ્યે આપશો તો સમાજ આળસુ થઈ જશે. જીવનમાં ક્યારેય મહેનત કરવાનું વિચારશે જ નહીં. ખરેખર આ એક સામાજીક અપરાધ બની રહેશે.

**- જે. આર.ડી. ટાટા, સૌ.જૈન વર્લ્ડ વીઝન.**

# મેલો, દલપત ડા'પણ મેલો...

મેલો, દલપત ડા'પણ મેલો !
છેક સુધીનું અંધારું છે.
મૂકી શકો તો, દીવા જેવી થાપણ મેલો !
ભણ્યાગણ્યા બહુ દરિયા ડોળ્યા,
ગિનાન ગાંજો પીધો.
છૂટ્યો નહીં સામાન
ઉપરથી છાંયો બાંધી લીધો
જાતર ક્યાં અધરી છે જીવણ ?
થકવી નાખે થેલો... મેલો, દલપત
મન હરાયું, નકટું, નુંગરું, રણમાં વેલા વાવે,
ઉભા દોરનો દરિયો ફાડી આડી રેત ચડાવે !
કેમ કરી રોકો છોળોને ? બમણો વાગે ઠેલો... મેલો, દલપત
પી.એચ.ડી.ની પદવી તેથી શું ?
ભણી કવિતા ભગવી તેથી શું ?
પડદા તો એવા ને એવા,જ્યોત પાટ પર જગવી તેથી શું ?
વાળી લ્યો બાજોઠ બહારનો
અંદર જઈ અઢેલો... મેલો, દલપત
પડવું તો બસ આખ્ખું પડવું
અડધું પડધું પડવું શું ?
અડવું તો આભે જઈ અડવું
આસનથી ઉખડવું શું ?
આખો ખૂંટો ખોદી કાઢો
ખુલ્લં ખુલ્લા ખેલો... મેલો, દલપત

**- કવિ દલપત પઢિયાર, સૌ. સુભાષ ભટ્ટ, ભાવનગર.**

## તંત્રી સ્થાનેથી-

# ગાંધી વિચાર એ સંશોધનનો વિષય છે.

આજ અંકમાં ગાંધીજીનો બહુ નાનો પણ અત્યંત ગંભીર લેખ મુકેલ છે. ''હું તો સત્યનો સેવક છું.'' જેમાં ગાંધીજી કહે છે, ''સંત શબ્દ એટલો બધો પવિત્ર છે કે કોઈને પણ માટે વગર વિચાર્યે વાપરી ન શકાય અને મારા જેવાને માટે તો નહીં જ કેમકે હું તો માત્ર સત્યનો નમ્ર સેવક હોવાનો જ દાવો કરું છું.''

ગાંધીજીનું બાહ્ય કલેવર ભલે રાજકારણીનું દેખાતું હોય, પણ ગાંધીજીના અંતરમાં પ્રવેશ કરીએ છીએ ત્યારે ત્યાં તો આત્માર્થી, મોક્ષાર્થી, સાચા સાધકના દર્શન થાય છે. આ લક્ષે જ ગાંધીજીની સાધના કહો કે સત્યના પ્રયોગો થયા છે. આ પ્રયોગોનું પરિણામ તેઓ જે અને જેવું ઈચ્છતા હતા તેવું આવી શકે તેવી તેમાં પ્રચંડ સંભાવનાઓ હતી, છે અને રહેશે છતાં ક્યાંક કશું ખુંટ્યું છે તેથી સત્ય અહિંસાના પ્રયોગનું પરિણામ જે આવવું જોઈએ તે આવ્યું નથી આટલી વાત નમ્ર ભાવે સ્વીકારવી રહી.

અમારા હૃદયમાં પ્રથમ સ્થાન શ્રીમદ્ રાજચંદ્રનું છે અને રહેશે પણ એના પછી જો કોઈનું સ્થાન હોય તો તે અંત્યત આદર ભર્યુ સ્થાન ગાંધીજીનું છે. સત્ય અહિંસાની શ્રધ્ધા અડોલ અને અડીખમ ગાંધીજીના હૃદયામાં છે. એવી શ્રધ્ધાના આ કાળમાં દર્શન પણ દુર્લભ છે. તે છતાં ગાંધીજી એક સાધક છે, સંત નથી, (એ પોતે પણ લેખમાં સ્વીકારે છે) એ આપણે જો આદર સહિત જોઈએ તો ગાંધીજીનો પ્રયોગ એ સંશોધનનો વિષય છે.

અધ્યાત્મ એક સંપૂર્ણ વિજ્ઞાન છે. સદીઓથી આ ભારતભૂમિમાં એના સફળ પ્રયોગો થયા છે. દરેક સંપ્રદાયોમાં આત્મજ્ઞાની સંતો થયા છે. એટલે અધ્યાત્મ આમ જુઓ તો સંશોધનના વિષય ન ગણાય. કેમકે સંતો એ પોતાના આચાર, વિચાર, પ્રયોગોથી જીવનમાં અનુભવનથી એ સિધ્ધ કરેલ છે. સત્યનો સાક્ષાત્કાર જ્યારે અને જેને થાય છે, થયો છે અને થશે તે સહુને ભલે અંશે હોય પણ એ પૂર્ણ સત્યનો જ અનુભવ થાય છે. બાહ્ય વ્યવહાર વેશ-વિધ્વતા, વિ. માં કદાચ તફાવત દેખાય પણ જેને પણ આત્મ અનુભવ થયો છે તે સહુ અલગ અલગ રસ્તે પણ છેવટે એક જ તત્વને પામ્યા છે.

ગાંધીજીને આ સત્ય શાસ્રો અને સંતોના ચારિત્રમાંથી મળ્યું, સત્ય-અહિંસા-આત્મશક્તિની અમોઘ શક્તિનું દર્શન થયું અને ફરી વીસમી સદીમાં એ પ્રયોગોથી સિધ્ધ કરવા માટે, સાકાર કરવા માટે, ગાંધીજીએ પ્રયાસો કર્યા, પ્રયોગો કર્યા.

એટલે જ ગાંધીજી આ લેખમાં કહે છે. ''હુ પૂર્ણ પુરુષ હોત તો મારા પડોશીઓના દુ:ખ જોઈ અત્યારે જે રીતે દુ:ખી થાઉં છું તે રીતે દુ:ખી થાત નહીં. પૂર્ણ પુરુષ તરીકે હું તે ધ્યાનમાં લેત. તેનો ઉપાય બતાવત અન મારામાંના એ અજેય સત્યના સામર્થ્ય વડે એ ઉપાયો હું બીજાની પાસે લેવડાવત.'' આત્મજ્ઞાનીની આ જ ભૂમિકા છે. એ આપણને આપણા દુ:ખોનો સાચો રસ્તો બતાવી શકે છે. વિશેષતા એ હોય છે કે અવિરોધ સર્વને સ્વીકાર્ય અને સર્વ સહજ કરી શકે એવો રસ્તો-ઉકેલ એમને આત્મજ્ઞાનના પ્રતાપે મળેલ હોય છે અને આપણને એ બતાવે છે.

આપણે જે ''સંભવામિ યુગે યુગે'' ની રાહ જોઈ રહ્યા છીએ તેમાં પણ કોઈ આત્મજ્ઞાની પુરુષ માત્ર રસ્તો બતાવશે. ચાલવું તો આપણે જ પડશે.

સાધના પથમાં અસ્તિત્વની એક બહુ મોટી ભૂમિકા છે. આ પથમાં બાંધછોડને અવકાશ નથી. અને અસ્તિત્વ એ ચલાવી પણ નથી લેતું. બાંધછોડ કરો એટલે પરિણામ અધુરૂ આવે કે વિપરિત પણ આવે છે. અને એ આપણે સત્ય અહિંસાના પ્રયોગોમાં અનુભવ્યું છે.

એવી કંઈ બાંધછોડ, કંઈ સૂક્ષ્મ આસક્તિ આ પ્રયોગમાં રહી એ મુખ્ય સંશોધનનો વિષય છે. અને વૈજ્ઞાનિક રીતે પ્રયોગશાળાની જેમ એનું વિશ્લેષણ-સંશોધન જરૂરી છે.

આજે પણ વિશ્વશાંતિની સંભાવના ગાંધી વિચારમાં છે, દેખાય છે, એની ના નથી, એ જ માર્ગ છે પણ ક્યાંક ભૂલ જરૂર થઈ છે અને સાદર સાથે એ સ્વીકારીને એવી ભૂલોથી બચીને પ્રયોગને સફળ સિધ્ધ કરવો એ આપણી સર્વની આજની મુખ્ય ફરજ છે. એમાં વ્યક્તિગત અને સમષ્ટિગત બંનેને ફાયદો છે.

લગભગ દર મહિને અનેક ભાષાઓમાં આજે પણ ગાંધીજીને વિષે કંઈને કંઈ સાહિત્ય બહાર પડતું જ રહે છે. વિશ્વ આખાને આ પ્રયોગમાં વિશ્વશાંતિનું બીજ દેખાય છે. આપણી સહુની ફરજ છે આ પ્રયોગમાં ખૂંટતી કડીઓ શોધવી અને ગાંધીજીના અધુરા સ્વપ્નને સાકાર કરવું.

આદર સાથે, ટીકા કે ફરિયાદ નથી કરવી, નથી દોષ જોવા, પણ પ્રભાવરહિત મધ્યસ્થતાથી કોઈ પૂર્વગ્રહ વગર ગાંધીજીના પ્રયોગને જોવાની જરૂર તો છે જ. તો જ આ પ્રયોગના અંતિમ પરિણામ મેળવી શકાશે.

ગાંધીજી કહેતા અને અનુભવે પણ સમજાયું છે કે અહિં એક જ ડગલાનો માર્ગ છે. એક દ્રષ્ટિએ આ ભૂલ ભરેલો માર્ગ છે. અને ભૂલો કરતાં કરતાં, ભૂલોને સુધારતા સુધારતા ઝાડી ઝાંખરા કાંટા કંકરને હઠાવતા રાજ માર્ગ મળે છે. આપણે કાંઈ ભગવાન નથી કે ભૂલ ન જ થાય. ભૂલો કરવી એ આપણો હક છે અને ભૂલ સમજાય એવી સુધારવી એ ફરજ છે.

આપણું લક્ષ વિશ્વશાંતિ છે, અને એનું બીજ ગાંધી વિચારમાં છે, એટલું સ્વીકારવું રહ્યું પણ આ બીજને કેવા ખાતર પાણી માવજત કરીએ તો એના ફળ ચાખવા મળે એ આજનો આપણો પ્રાણ પ્રશ્ન છે અને એ અર્થે આપણે સત્ય અહિંસા પ્રયોગનું સંશોધન-પરિક્ષણ કરીને એનો જવાબ, સહુએ શોધવો રહ્યો આટલું અમને સમજાય છે.

'ગોરક્ષાપાત્ર' માસિક ફરી શરૂ કરવા પાછળ આ પણ એક દ્રષ્ટિ છે. આ માટે સહુના વિચાર વિમર્શ ....... આવકાર્ય છે.

## भगवान इंसान से कहते हैं

"तू वो करता है जो तू चाहता है,
मगर होता वह है जो मैं चाहता हूं।
तो फिर तू करना शुरु कर वो,
जो मैं चाहता हूं,
तो होगा वह जो तू चाहता है।"

# કલામ સર સાથેના છેલ્લા દિવસની યાદો.

શ્રીજન પાલ સિંઘ ડો. કલામના મૃત્યુના સમયે તેમની સાથે જ હતા. એ આખરી દિવસની યાદના સંભારણા તેઓશ્રીએ પોતાની ફેસબુક પોસ્ટ ઉપર મુકેલ છે. એનું ગુજરાતી ભાષાંતર અહીં રજૂ કરેલ છે.

છેલ્લી બે મુસાફરીમાં ડૉ. કલામ સાથે ચર્ચા કરેલા ૩ પ્રસંગો મારે બધાને કહેવા છે જેણે મારા મન પર શાશ્વત છાપ છોડી છે!

૧) ડૉ. કલામ પંજાબમાં થયેલા આતંકી હુમલાથી ખુબ જ વ્યથિત હતા. તેમણે જ્યારે પહેલી વાર તે સમાચાર સાંભળ્યા ત્યારે તેમના ચહેરા પરની વ્યથા અને ઉદ્વિગ્નતા એટલી સ્પષ્ટ જણાતી હતી કે જાણે તેમનું ફેમેલી મેમ્બર તે એટેકમાં નો મૃત્યુ પામ્યું હોય! આઈ.આઈ.એમ. શિલોંગમાં તેઓ જે લેક્ચર આપવાના હતા તેનો ટોપિક હતો "Creating a Livable Planet Earth" (જીવી શકાય એવી પૃથ્વીનું સર્જન) એમણે ટોપીકને પંજાબના પ્રસંગ સાથે જોડીને કહ્યું, 'મને લાગે છે કે વ્યક્તિએ ઉભી કરેલી સમસ્યાઓ એટલી જ મોટી, જોખમકારક અને જાનલેવા છે જેટલી પ્રદુષણની સમસ્યા છે. જો આ હિંસા, પ્રદુષણ, માનવીય વર્તનની આવી જ અંધાધુંધી ચાલુ રહી તો આપણે એક દિવસ આ પૃથ્વીને છોડવી જ રહી... ૩૦ વર્ષ, જો આ જ ગતિથી બધું ચાલ્યું તો.'

તેમણે કહ્યું, તમારે નવી પેઢીએ કંઈક રચનાત્મક કરવું જ રહ્યું. આવનારું ભવિષ્ય તમારૂં છે!!

૨) અમે ચર્ચા કરેલ બીજો મુદ્દો થોડો વધારે રાષ્ટ્રીય હતો. છેલ્લા બે દિવસથી સંસદમાં ચાલતી અંધાધુંધી અને પોલીટીક્સથી તેઓ ખુબ જ ચિંતિત હતા. દેશની સૌથી ઉચ્ચ અને જવાબદાર સંસ્થા અને લોકોએ ચૂંટેલા જવાબદારો જે રીતે પોલીટીકલી ઝઘડે, એ શરમજનક અને મૂર્ખતા જ ને!

તેમણે ઉમેરતા કહ્યું, 'મેં મારા કાર્યકાળ દરમિયાન બે અલગ અલગ સરકારો જોઈ છે. મેં એથી પણ વધુ બીજું ઘણું જોયું. આ બધું ઘણા સમયથી આમ જ ચાલતું આવે છે પણ આ સાચું અને સારૂં જરાય નથી. મારે એવો કોઈ રસ્તો શોધવો જ રહ્યો જેનાથી સંસદ Developmental Politics પર કાર્યરત રહે.' ત્યારબાદ તેઓએ મને આઈ.આઈ.એમ. શિલોંગના વિદ્યાર્થીઓ માટે સરપ્રાઈઝ અસાઈનમેન્ટસ પ્રશ્નો બનાવવાનું કહ્યું, જે તેઓ પોતાના લેક્ચરના અંતમાં વિદ્યાર્થીઓને આપવાના હતા. તેઓ એવું ઈચ્છતા હતા કે વિદ્યાર્થીઓ સંસદને પ્રોડક્ટીવ અને વાઈબ્રન્ટ બનાવવા ૩ ઈનોવેટીવ રસ્તા બતાવે! પણ થોડીવાર આ વિચારી તેમને ફરી વિચાર આવ્યો કે 'જે વાતનું સોલ્યુશન/જવાબ મને ખ્યાલ નથી તેનો સવાલ હું વિદ્યાર્થીઓને કેમ પૂછી શકું??'

૩) આ પ્રસંગ તેમની બીજા પ્રત્યેની સંવેદનશીલતા અને ઉદારતાની ભાવનાઓને ચિત્રિત કરી તેમના આંતરિક સૌંદર્યનું દર્શન કરાવે છે. હું અને ડૉ. કલામ ૬-૭ ગાડીઓનાં કાફલામાં હતા. અમે બીજા નંબરની ગાડીમાં હતા. અમારી આગળ ખુલ્લી જીપ્સી કાર હતી જેમાં ૩ જવાનો હતા. તેમાંથી બે સૈનિકો બાજુ પર બેઠા હતા તો એક ઉંચો અને પતલો સૈનિક બંદુક લઈને ઉભો હતો. એક કલાક થયો અને કલામ સરે મને કહ્યું. 'પેલો કેમ ક્યારનો ઉભો છે? તે થાકી જશે! આ તો સજા કેવાય! તમે કોઈ વાયરલેસ મેસેજથી એને જાણ કરી શકો કે તે બેસી જાય!' મેં સરને સમજાવ્યા કે 'તેને ઉપરી અધિકારીનો ઓર્ડર હશે.'

અંતે, તેમણે નક્કી કર્યું અને મને કહ્યું 'મારે એ જવાનને મળવું છે અને તેનો આભાર વ્યક્ત કરવો છે' જ્યારે અમે આઈ.આઈ.એમ. શિલોંગ પહોંચ્યા, મેં સિક્યોરીટીના હેડને જાણ કરી અને પેલા ઉભેલા જવાનને મળવા માટે સુચન કર્યું. હું તે જવાનને અંદર લઈ ગયો અને કલામ સર તેને ખંતથી મળ્યા! સરે, એની સાથે જોરથી હાથ મિલાવ્યો અને કહ્યું, 'thank you buddy, "Are you tired? Would you like something to eat? I am sorry you had to stand so long because of me.'

પેલો, કાળા ડ્રેસમાં સજ્જ સૈનિક આવો પ્રતિભાવ જોઈને દંગ રહી ગયો, હર્ષથી ગદગદિત થઈ ગયો અને બોલ્યો, 'સર, આપકે લિયે તો ૬ ઘંટે ભી ખડે રહેંગે' આ પછી, અમે લેક્ચર હોલમાં ગયા. તેમને મોડું કરવું ક્યારેય ગમતું નહિ. તેઓ માનતા કે 'Students should never be made to wait.' મેં તેમનું માઈક રેડી કર્યું અને તેમણે લેકચર માટે પોઝીશન લીધી. મેં જેવું માઈક સેટ કર્યું કે તેઓ મારી સામે હસ્યા અને બોલ્યા, 'Funny guy! Are you doing well?'

આ કલામ સરના મારા માટેનાં છેલ્લા શબ્દો હતા. હું તેઓની પાછળ જ બેઠો હતો. તેઓની સ્પીચ બે મિનિટ સુધી ચાલી હશે અને ત્યારબાદ એક વાક્ય પૂર્ણ કરીને લાંબો વિરામ આવ્યો. મેં સહજતાથી અને કુતુહલતાથી સરની સામે જોયું અને તેઓ નીચે ફસળાયા!

અમે સરને ઉભા કર્યા અને ડૉક્ટર આવ્યા! મેં મારા એક હાથેથી સરનું માથું પકડ્યું અને તેમને સાંત્વના આપી. તે ઘડીની તેમની અર્ધ ખુલ્લી આંખોનું તેજ અને અનંત તરફ જવાનો હર્ષ બંને એકી સાથે દીપ્તિમાન થતું હોય એવું લાગ્યું. તેમના હાથ થીજવા લાગ્યા અને મારી આંગળીઓને જોરથી પકડી રાખી વીટાળી દીધા. તેમના ચહેરા પર ગજબની મૃદુતા પ્રતીત થતી હતી, નાના બાળક જેવું નિખાલસ હાસ્ય પણ... તેમની સ્થિર આંખોમાંથી આજે પણ દરરોજ જેવું જ્વલંત ડહાપણ દેખાતું હતું. તેઓ કઈ જ ના બોલ્યા! આવી ક્ષણે પણ કોઈ જ પ્રકારનું દર્દ તેમનામાં દેખાયું નહિ, બસ તેમનું જીવંત જીવન જ દેખાતું હતું. બીજી પાંચ જ મીનીટમાં અમે બાજુની હોસ્પિટલમાં હતા. બીજી પાંચ મીનીટમાં ડોક્ટરે કહ્યું, 'The Missile Man Had Flown Away, Forever' મેં છેલ્લી વખત તેમના ચરણોને સ્પર્શ કર્યા - એક જુનો મિત્ર! એક મહાન મેન્ટર! See you in my thoughts and meet in the next birth.

એક દિવસ મેં સરને એક સવાલ કરેલ. 'First you tell me, what will you like to be remembered for?' પ્રેસિડેન્ટ, રાઈટર, સાયન્ટીસ્ટ, મિસાઈલ મેન, ઈન્ડિયા - ૨૦૨૦, કે ટાર્ગેટ ૩ બિલીયન... મને એવું લાગ્યું કે વિકલ્પો આપીને મેં સવાલને થોડો સરળ બનાવી દીધો પણ તેમનો જવાબ સાંભળીને હું દંગ જ રહી ગયો!! સરે કહ્યું, 'શિક્ષક'!!

**'સપને વો નહી જો નિંદ મે આતે હૈ સપને વો હે જો સોને નહી દેતે.'- ''કલામ''**

**The man is gone,**
**the mission live on.**
**Long live Kalam.**

**-સૌ. જૈન વર્લ્ડ વીઝન.**

## શ્રમદાન - (સૌ.મુંબઈ સમાચાર)

આજે ૬૭ વર્ષના ગંગાધર જે જીવન જીવી રહ્યા છે કે જે કંઈ કરી રહ્યાં છે, એ પ્રશંસનીય જ નહીં, એકદમ અનુકરણીય છે. આ માણસનું એક સ્પેશિયલ મિશન છે, જેનાથી એને જરાય લાભ કે ફાયદો નથી. કેવું છે આ મિશન? રોજ સવારે નવ વાગ્યે બાલગંગાધર પોતાની કાર લઈને નીકળી પડે. એમની ચકળવકળ નજર એક ઘડીએ રસ્તાની જમણી તરફ ફરે, તો બીજી ઘડીએ ડાબી તરફ. નજર સતત કંઈક શોધતી જ હોય. જેવું રસ્તાની બાજુમાં વણવપરાયેલો ડામર કે વધેલા કાંકરા કે રેતી-સિમેન્ટ મિક્સચર દેખાય એટલે બાલગંગાધર પાવડા અને તગારા સાથે ઊતરે. આ બધી સામગ્રી ઊંચકીને ફરી ગાડી મારી મૂકે. પણ આંખ તો રસ્તા પર હોય જ. ક્યાંક ખાડો દેખાય એટલે આંખમાં ચમક આવી જાય. ગાડી રસ્તાની એક તરફ ઊભી રાખી દે. રાહદારી અને વાહન-ચાલકો માટે ખાડાની આસપાસ ચેતવણીસૂચક સિગ્નલરૂપે બે લાલ ઝંડા મૂકી દે. પછી ગાડીમાંથી ડામર, કાંકરા અને મિક્સચર કાઢીને ખાડો પોતાના હાથે પૂરી દે અને ફરી નીકળી પડે. નવા ખાડાની શોધમાં. અઢી વર્ષમાં ૧૨૦૦ જેટલા ખાડા પૂરી ચૂક્યા છે, જેમાં પૂરેપૂરું પેન્શન હોમાઈ ગયું છે. રોજે રોજ બાલગંગાધરજી ખાડાની શોધની રઝળપાટ પાછળ પૂરા પાંચસો રૂપરડીનાં પેટ્રોલનો ધુમાડો કરે. શરૂઆતમાં આંખ આડા કાન કર્યા બાદ તેમના પત્નીથી આ સહન ન થયું. તેમણે અમેરિકામાં કામ કરતાં દીકરા રવિને ફરિયાદ કરી. રવિએ આવીને આ કામ જોયું તો આશ્ચર્યચકિત થઈ ગયો. પપ્પાના કામથી અત્યંત પ્રભાવિત થઈને તે ખાડા પૂરો મિશનમાં આર્થિક મદદ કરવા માંડ્યો. રવિએ તો એક એપ ડેવલપ કર્યું, જેનાથી લોકો રસ્તા પરના ખાડાનું સરનામું જણાવી શકે.

કારની પાછળની સીટમાં કાયમ પાંચેક મિક્સચરની બેગ લઈને નીકળી પડતા બાલગંગાધરજી કહે છે કે એક દિવસ હું કાર ચલાવતો હતો અને અચાનક કાર એક ખાડામાં સરી પડી. એક યુવાનની બાઈક રસ્તા પરના ખાડાને લીધે લપસી પડી અને તેણે બંને પગ ગુમાવી દીધા. રસ્તા પરના ખાડાને લીધે એક ઓટો-રિક્ષા સીધી બસ સાથે અથડાઈ અને ઘણા ઘાયલ થઈ ગયા. આ બધા બનાવો જોઈને બાલગંગાધરે પોતાનું મિશન નક્કી કરી લીધું. એ સમયે તેઓ નોકરીમાં હતા. લંચ-ટાઈમમાં કાર લઈને નીકળી પડે અને મળે એટલા ખાડા પૂરીને પાછા આવી જાય. ડોનેશન કે આર્થિક મદદ લીધા વગર કે એકેય કર્મચારી રાખ્યા વિના જાતમહેનતે ખાડા પૂરવાના મિશનમાં કાર્યરત બાલગંગાધરજીની ગાડીની પાછલી સીટ અને ડિકીમાં સમયાંતરે દસ ગુણ ભરીને કાંકરા-સિમેન્ટ વગેરે સામગ્રી પડી રહેતી. બાલગંગાધરજી એક જ માન્યતાને આધારે આ મિશનમાં જોતરાયેલા છે. આપણે જે પરિવર્તન ઈચ્છતા હોઈએ એનો ભાગ બનવું જ પડે. અંતે બાલગંગાધરજીની 'શ્રમદાન' ઝુંબેશ લોકોને આકર્ષવા લાગી. આમ આદમીથી લઈને સોફ્ટવેર એન્જિનિયર જોડાવા માંડ્યા. ૨૦૧૨ના જૂનથી તો હૈદરાબાદ પાલિકાએ પણ તેમને મિક્સચર પૂરા પાડવાનું શરૂ કરી દીધું. બાલગંગાધરજી માટે ખાડા પૂરવા એ મિશન નથી. નશો પણ છે. એમને એક જ ફિકર કે જીવલેણ ખાડાનો સાવ સરળ ઉપાય છે, છતાં આપણે કોઈ (સ્થાનિક પ્રશાસન) પર શા માટે અવલંબિત રહેવાનું ?

## કૃષિ પરાશર અને છાણિયું ખાતર

બ્રિટનના કૃષિ વૈજ્ઞાનિક શ્રી સર આલબર્ટ હાવર્ડે ભારતની પ્રાચીન કૃષિને જ વૈજ્ઞાનિક અને સર્વશ્રેષ્ઠ કહીં છે. એટલું જ નહીં ભારતીય ખેડૂતોને પોતાના ગુરુ કહ્યા છે. આ ગુરુઓના પણ ગુરુ પરાશર મુનિ છે. તેમણે 'કૃષિ પરાશર' નામના ગ્રંથની રચના કરી છે. તેઓ તેમના આ ગ્રંથના પ્રથમ શ્લોકમાં જ કહે છે. कृषकाणां हितार्थाय ब्रूते ऋषि पराशरः। (ઋષિ પરાશર ખેડૂતોના હિત માટે આ ગ્રંથ રચે છે.) કારણ કે ખેડૂતોના હિતમાં જ સમગ્ર વિશ્વનું હિત સમાયેલું છે. ખેતીમાંથી જ અન્ન થાય છે. આ અન્ન જ પ્રાણ છે અને અન્ન જ બળ છે. પશુ, પંખી, મનુષ્યો, જીવમાત્ર અન્ન દ્વારા જીવતા રહે છે. માટે મનુષ્યએ બીજું બધું છોડીને યત્નપૂર્વક ખેતી જ કરવી જોઈએ.

अन्नं हि धान्यसंजातम् धान्यं कृप्या विना न च।
तस्मात् सर्व परित्यज्य कृषि यत्नेन कारयेत् ।।७।।

ઋષિએ પર્જન્ય અને બીજ-વાવણીની વાત સવિસ્તારથી કરી છે. (જે પછી ક્યારેક) પણ જો ખાતર ન નાખે અને બેદરકારી સેવે તો તેનું ખેતર એમને એમ ફોગટમાં તેને પાકની લાણી ન કરી દે અને જો વધુ પાક મેળવવાની લાહ્યમાં રાસાયણિક ખાતરનો ઉપયોગ કરે તો તેને જર્મન વૈજ્ઞાનિક શ્રી જસ્ટન લીબીગેની માફક પસ્તાવાનો વારો આવે. બલ્કે પસ્તાઈ જ રહ્યો છે. તેથી પરાશર ઋષિ કૃષિની સંભાળ માટે છાણિયા ખાતર પર ભાર મૂકે છે. તેઓ છાણિયું ખાતર કેમ બનાવવું તેની વાત પણ કરે છે.

रौद्रे संशोष्य तत्सर्वम् कृप्या गुडकरुपिणम्।
फाल्गुने प्रतिकेदार सारं गतं निधापयेत।।१०।।

પછી તે બધું (છાણ) પ્રખર તડકામાં સુકવીને, તેના નાના ટૂકડાઓ કરી, ફાગણ માસમાં તે ખાતરને પ્રત્યેક કયારામાં ખાડા કરીને નાખવું જોઈએ.

ततो वपनकाले तु कुर्यात्सार विमांचनमा।
विना सारेण यदधान्यमवर्ध्थते फलवर्जिम् ।।१११।।

પછી વાવણી વખતે એ ખાતરને બહાર કાઢવું જોઈએ. ખાતર વિના અનાજ વાવવામાં આવે તો તેમાં દાણા બેસતાં નથી (એ ફળ વિનાનું રહે છે) ખેતરમાં મબલખ પાક મેળવવા માટે છાણિયું કે સેન્દ્રિય ખાતર અતિ આવશ્યક છે. જેમ આપણને વિટામીન્સ, પ્રોટીન, ખનિજ ક્ષારો વગેરેની જરૂર હોય છે. તેના વિના શરીર પુષ્ટ થતું નથી તેમ પાકની ફળદ્રુપતા માટે ઉત્તમ અને તે પણ કુદરતી-નૈસર્ગિક ખાતરની જરૂર હોય છે. નહીં કે કૃત્રિમ-રસાયણયુક્ત. આથી જ તો ઋષિ પરાશરે છાણિયા ખાતરને **'સાર'** કહ્યું છે. ખરેખર એ ખેતીનું સારતત્ત્વ છે. એનું બીજું નામ **'ઉર્વરક'** છે. ઉર્વરક એટલે ફળદ્રુપ બનાવનાર આમ ખેતીમાં ઉત્તમ પાક મેળવવા છણિયા ખાતરનો જ ઉપયોગ કરવો જોઈએ. - **ડૉ. કાલિન્દી પરીખ, ૩, દેના બેંક સોસાયટી, અમરેલી-૩૬૫૬૦૧, મો.૯૪૨૯૧૩૯૧૪૫.**

---

- **ભારે ભોજન પેટમાં પહોચ્યાં પછી ખાનારને જેમ ભારે પડે છે તેમ પાપ કરનારનાં વંશ વારસા સુધ્ધાને પાપ કર્મ મુશ્કેલીમાં મુકી દે છે.**
- **સરિતાની ઉછળતી લહેરો જેમ કિનારાની હરિયાળીને આવરી લે છે તેમ પાપનો પ્રવાહ પણ ઈમાનદારીની એ સફળતાને ગળી જાય છે.**

## પવનચક્કી, સૌરઊર્જાથી ભાંખર ગામની પડતર જમીનમાં પાક લહેરાયો

ઉત્તર ગુજરાતના ઉંઝા પાસેના ભાંખર ગામમાં એક ખેડૂતે સૌરઉર્જા, પવનચક્કી, ટપક સિંચાઈ પધ્ધતિથી પડતર જમીનમાં શાકભાજીથી માંડીને અનાજનો પાક લહેરાવી ખરા અર્થમાં કરકસરયુક્ત ખેતીથી થતાં ફાયદાનો સંદેશો જાણે અન્ય ખેડૂતો સુધી પહોંચતો કર્યો છે. રેલ્વેની સરકારી નોકરી છોડીને ભાંખર ગામના જયેશભાઈ બારોટે ગામની પડતર જમીનને ઉપજાઉ ખેતીલાયક જમીનમાં રૂપાંતરિત કરી શાકભાજી, વિવિધ અનાજના પાકો મેળવી રહ્યાં છે.

ઉંઝા નજીક આવેલાં ભાંખર ગામના જયેશભાઈ બારોટના પિતા ડાહ્યાભાઈ લશ્કરમાં નોકરી કરતાં હોઈ નિવૃત્તિ બાદ ગામની સીમમાં ૧૬ વિઘા જમીન મળી હતી. સરકાર વતી જમીનની ફાળવણી તો કરાઈ પણ સતત વીજકાપ, ઉંડા ભૂગર્ભજળનો પ્રશ્ન હતો. ખેતીને મુખ્ય વ્યવસાય બનાવવા જયેશભાઈએ રેલ્વેની સરકારી નોકરીને અલવિદા કહી દીધી.

જયેશભાઈએ પડતર જમીનમાં કરકસરયુક્ત ખેતી કરવા માઉન્ટઆબુ સ્થિત બ્રહ્માકુમારી સંસ્થાની મુલાકાત લઈને પવનચક્કીની ડિઝાઈન સહિત ટેકનિકલ માહિતી મેળવી હતી ત્યાર બાદ તેમણે ખેતરમાં ૩૫ ફુટ ઉંચી પવનચક્કીથી પાણી મેળવવાનું શરૂ કર્યું હતું. આજેય તેઓ ૧૫૦ ફૂટ જમીનમાંથી પવનચક્કીની મદદથી ખેતરમાં પાણી મેળવી રહ્યાં છે. તેઓએ ખેતરમાં સૌર્યઉર્જા માટે સોલર પેનલ પણ લગાવી છે જેના માધ્યમથી આજે પાંચ હજાર વોટ વિજળી મેળવવામાં આવે છે. સૌરઉર્જાની મદદથી ૬ એચપીની મોટર ચાલે છે. ટપક સિંચાઈની મદદથી ખેતી કરે છે. ખેતરમાં ઈઝરાયેલ ટેકનીકથી ગ્રીન હાઉસ પણ બનાવાયું છે.

હાલમાં સાડા છ વિઘામાં વિવિધ શાકભાજી, બાજરી, ઘઉં સહિતના અનાજના પાકો લેવાય છે. ખેડૂત જયેશભાઈ બારોટ કહે છે કે, સૌર્યઉર્જા, પવનચક્કી અને ટપક સિંચાઈથી ખેત ઉત્પાદન ૪૦-૪૫ ટકા વધ્યું છે. વિજળીની બચત થાય છે. વરસાદી પાણી જમીનમાં ઠાલવી રિચાર્જ કરતાં આજે ખેતરમાં જળસ્તર ઉંચા આવ્યાં છે પરિણામે ૫૦ ફુટે સરળતાથી પાણી મળે છે. આમ, ભાંખર ગામના ખેડૂતે કરકસરયુક્ત ખેતી થકી વધુ ઉત્પાદન મેળવી પ્રગતિશીલ ખેડૂતની હરોળમાં સ્થાન મેળવ્યું છે.

## લવાજમ મળેલ છે.

| | | |
|---|---|---|
| ૧. નીલાબેન ગોહિલ | - તારાપુર | ૧૦૦/- |
| ૨. નાથુભાઈ નાયક | - ગડત, નવસારી | ૧૦૦/- |
| ૩. હરખચંદભાઈ સોની | - કાંદિવલી | ૫૦૦/- |
| ૪. ડાહ્યાભાઈ શર્મા | - પાલનપુર | ૧૦૦/- |
| ૫. ઉષાબેન અરૂણભાઈ શાહ | - સાંતાક્રુઝ | ૧૦૦૦/- |
| ૬. કાંતીભાઈ શાહ | - દહિસર | ૧૦૦/- |
| ૭. મુગટલાલ દોશી | - ઘાટકોપર | ૨૦૦/- |
| ૮. યંગ મેન્સ ગાંધીયન એસોસીયેશન | - રાજકોટ | ૧૦૦૦/- |
| ૯. શૈલેશ ડી. દિવાન | - મુંબઈ | ૧૦૦/- |

**<u>નોંધ:</u>** આપનું લવાજમ રમેશ એસ. દોશી બેંક ઓફ ઈંડીયા, મલાડ, મુંબઈ બ્રાંચ, ખાતા નંબર 003110100021366 માં ભરવા વિનંતી.

## શા કારણે જાપાનીઓ અનેરા ગણાય છે ?

ફૂટબોલની વૈશ્વિક સ્પર્ધામાં જાપાન ગ્રીસ સામે હારી તો ગયું, તેમ છતાં કદી માન્યામાં ન આવે એવા વર્તનથી દુનિયાભરના લોકોનાં હૃદયમાં સ્થાન તો આ જાપાનના ફૂટબોલપ્રેમીઓ જ મેળવી ગયા!

હાર તો થઈ, પણ તેઓ ત્યાં જ રોકાઈ ગયા, અને આખું સ્ટેડિયમ સ્વચ્છ કરીને જ વિદાય થયા. પોતાનો જ નહીં પણ મેચ જોવા ઉપસ્થિત સૌ કોઈએ જે કંઈ કચરો પાથર્યો હતો તે દૂર કરી દીધો. કચરો એકત્ર કરવાનો થેલો તેમજ ભૂરા રંગના રેનકોટ - પોતાની વ્યક્તિગત સલામતિ માટે - પહેરીને આ સમુરાઈઓ તુરન્ત કામે લાગી ગયા. આમ પોતાના દેશની હાર છતાં ખેલદિલી અને સદ્ભાવના વ્યક્ત કરીને જ રહ્યા.

અન્ય દેશો તો એવું એવું કરવાથી જગજાહેર છે કે જો હારે તો હુરિયો બોલાવે, ચીસાચીસ કરે અને હિંસા પણ કરે. એથી અનેરી જ તરાહ ૧૫ હજાર હાજર જાપાની દર્શકોએ 'એરેના પરમાવ્યુકો રેસાઈફ સ્ટેડિયમની સંપૂર્ણ સફાઈ કરીને પોતાની નિજી નાગરિકતાયુક્ત સંસ્કૃતિની સમજણોનો નમૂનો રજૂ કર્યો હતો.'

જાપાનમાં કોઈપણ જાહેર મેળો હોય કે મેળાવડો કે રમતની સ્પર્ધા કે ઉત્સવ હોય, તે પૂરો થયે સંપૂર્ણ સફાઈ કરવાની પરંપરા તેઓ જાળવતા જ રહે છે. રેસ્ટોરાંમાં કે ક્યાંય જાહેરમાં ખાવા લીધું હોય તો જાતે જ ટેબલને સાફ કરે છે. આવા તમામ પ્રસંગોમાં, જ્યાં જ્યાં જાય ત્યારે સાથે કચરો ઉપાડી લેવાની થેલી સાથે લઈ જ જાય અને પોતાનો કે કોઈ અન્યનો પણ કચરો પડેલો હોય તે રહેવા જ ના દે. એક જાપાની ફૂટબોલ દર્શકે વ્યવસ્થાપકને જણાવ્યું કે ''અમે તો જે દેશે યજમાન થઈને અમને રમવા માટે બોલાવ્યા તે દેશ પ્રત્યે કૃતજ્ઞતા બતાવવા, અને આદર આપવા માટે આવું કરતા હોઈએ છીએ. અમારે ત્યાં જાપાનમાં અમને જે કરવું ગમે છે તે અહીં પણ કર્યું છે.''

મેચ જ્યારે પૂરી થઈ ત્યારે હારેલા જાપાની ખેલાડીઓ એક કતારમાં ઊભા રહ્યા. અને તેમણે દર્શકોનો પ્રોત્સાહન આપવાને હાજર રહ્યા તે બદલ આભાર માન્યો હતો.

બ્રાઝીલ દેશના વ્યવસ્થાપકોએ પણ બ્રાઝીલ દેશવાસીઓ સમક્ષ આ ઉત્તમ આદર્શ રજૂ કર્યો છે, એમ વ્યક્ત કર્યું હતું. - **જ્યોતિભાઈ દેસાઈ, સૌ. ભૂમિપુત્ર.**

## વિચાર-મોતીડાં

- યોગ્ય સમયે, યોગ્ય સ્થળે, યોગ્ય વ્યક્તિ દ્વારા યોગ્ય કાર્યનું સંયોજન થાય તો યોગ્ય સફળતા સાંપડે જ, કદી ખોટું નહી પડનારું આ જ્યોતિષ છે.
- અંતરમાં આ વિચારી જોજો-બેમાંથી કઈ વસ્તુ સારી-ખોટે માર્ગે મેળવેલી સફળતા કે સાચે રસ્તે સાંપડેલી નિષ્ફળતા? અસત્યના આશ્રયે ઉપાર્જીત જીત એ હાર છે, અને સત્યને સહારે સાંપડેલી હાર એ જીત છે.
- સસ્તી પ્રસિદ્ધિ પાછળ કદી ન પડશો સતત સંઘર્ષ પછી સાંપડતી સિધ્ધિ માટે જ મથજો અને એ સિધ્ધિ માટે જ મથજો અને એ સિધ્ધિ પણ સમાજને ચરણે સમર્પી દેજો.

# શ્રદ્ધા

શ્રદ્ધા ઈશ્વર પ્રતિના પ્રેમનું ગીત છે. શ્રદ્ધા એ માનવ ઉરમાં ગુપ્ત રીતે અવિરત વહેતું એક ઝરણું છે, બળવાન અને મહાન શક્તિ છે. વળી એનું પ્રાગટ્ય બાળક જેવા ભોળા, નિષ્પાપ, કરુણાસભર વ્યક્તિના ઉરમાં જ શક્ય છે, એટલે જરૂર છે પરમપિતા પરમેશ્વર આગળ બાળક બનીને એમની પ્રેમગંગામાં મજ્જન કરવાની તત્પરતાની. આવા બાળકમાં કવિને પ્રભુના દર્શન થતાં બોલી ઊઠે છે: 'દીઠી નિર્દોષ અને ભોળાં એ ભૂલકાંની આંખોમાં ઈશ્વરની હસ્તી.' સંક્ષેપમાં જ્યાં બુદ્ધિનું ક્ષેત્ર પૂરું થાય છે, ત્યાં શ્રદ્ધાનું ક્ષેત્ર શરૂ થાય છે. બુદ્ધિ, જ્ઞાનની વાતો આવે ત્યારે તર્ક-વિતર્ક, શંકા-કુશંકા જાગ્રત થાય છે અને તેથી 'સંશયાત્મા વિનિશ્યતિ' કારણ આ બુદ્ધિ, કલા ઈત્યાદિ વસ્તુ છીદ્ર જેવી છે. તેમાંથી શ્રદ્ધા ઝરી જાય છે અને વિતંડાવાદથી શ્રદ્ધા ડગમગવા લાગે છે ત્યારે ભગવાન તરફની શ્રદ્ધામાંથી ઉત્પન્ન થયેલ ધૈર્ય વ્યક્તિ ટકાવી રાખે છે. તે પોતે નિષ્ઠાવાન બને છે એટલે યોગ્ય કહેવાયું છે કે "Faith gives direction, dash, destination for ones determination." અર્થાત, જો ઈશ્વર પ્રાપ્તિ માટે તમે પાકો નિર્ણય કરો તો શ્રદ્ધા તમને એ માટે દિશા, નિષ્ઠા અને ગન્તવ્ય સ્થાને પહોંચવાનું બળ પૂરું પાડે છે અને એટલે જ તો કહેવાયું છે કે ઈશ્વર (દેવત્ત્વ) લાકડામાં, પત્થરમાં કે મૂર્તિમાં નથી, પણ ભાવ અર્થાત શ્રદ્ધામાં છે. આ વાત સમજવી રહી.

'ન દેવો વિદ્યતે કાષ્ઠે, ન પાષાણે ન મ્રુન્મયે
ભાવે હિ વિદ્યતે દેવસ્તસ્માયૂ ભાવો હિ કારણમ'

છંદોગ્ય ઉપનિષદમાં પણ કહ્યું છે કે શ્રદ્ધાપૂર્ણ અંતઃકરણથી પાકી સમજ અને નિષ્ઠાપૂર્વક કરેલું કામ બહુ જ સામર્થ્યવાન નીવડે છે. - **સ્વ. શ્રીમતી નિર્મળા દિનકરરાવ દેસાઈ.**

# સિક્કિમના ૫૦ હજાર ખેડૂતોએ ઑર્ગેનિક ખેતી અપનાવી

આપણે ત્યાં હજુ ઑર્ગેનિક ફાર્મિંગની નીતિઓ બની રહી છે, પરંતુ જડીબુટ્ટીઓ અને વન ઔષધિઓનો પણ ભંડાર ગણાતા પૂર્વોત્તર રાજ્ય સિક્કિમમાં રાસાયણિક દવાઓ અને ખાતરોને તિલાંજલી આપવા ૧૦ વર્ષથી પ્રયાસો ચાલી રહ્યા છે. ૬.૫ લાખની વસ્તી ધરાવતા આ રાજ્યમાં ૫૦ હજારથી પણ વધુ હૅક્ટર જમીનમાં ડાંગર, ઈલાયચી, આદુ, શાકભાજી અને ફળફળાદીનો ઑર્ગેનિક પાક લહેરાઈ રહ્યો છે. સિક્કિમમાં આ પરિવર્તન લાવવામાં મહિલા-ખેડૂતોનો પણ સિંહફાળો છે. મુખ્યમંત્રી પવન ચામલિંગની સરકારે ૨૦૦૩માં વિધાનસભામાં એક પ્રસ્તાવ દ્વારા હાકલ કરીને રાસાયણિક દવાઓ અને ખાતરો વેચવા પર પ્રતિબંધ પણ મૂક્યો હતો. દેશનાં કેટલાંક રાજ્યો આજે પણ ઑર્ગેનિક ફાર્મિંગ અપનાવવી કે નહીં તે અંગે ઢચું-પચું વલણ દાખવી રહ્યાં છે, ત્યારે સિક્કિમે સાબિત કર્યું છે કે સજીવ ખેતી એ ખોટનો ખાડો નથી, પરંતુ પર્યાવરણ બચાવવાનો ટકાઉ વિકલ્પ પણ છે. સજીવ ખેતી અપનાવ્યા પછી સિક્કિમમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોની સંખ્યા ૧.૭ લાખથી ઘટીને ૫૦ હજાર થઈ છે. રાજ્યનાં 'કૃષિ વિજ્ઞાન કેન્દ્રો' સજીવ ખેતી માટે સતત માર્ગદર્શન અને મદદ આપતા રહે છે. આ નાનકડા રાજ્યની ૬ હજાર હૅક્ટર જમીનમાં વનસ્પતિ ખાતર અને અળસિયાના જૈવિક ખાતરના ઉત્પાદન માટે સેંકડો એકમો લગાવવામાં આવ્યાં છે. વર્મીકમ્પોસ્ટ, રાઈઝોબિયમ, અઝોલા જેવાં ખાતરો તથા લિમડા જેવી કડવી વનસ્પતિઓમાંથી બનેલી કુદરતી દવાઓ છાંટવાથી ખેડૂતોને ફાયદો થાય છે. ખેતીનું હબ ગણાતા દક્ષિણ સિક્કિમમાં ૩ હજાર ટન ઈલાયચી અને ૫૦ હજાર ટન આદુ પાકે છે. આ ઉપરાંત, ૬૩૦૦ હૅક્ટર વિસ્તારમાં ૧૭૧૯૦ ટન ફળફળાદી પાકે છે. આ ઑર્ગેનિક પાકોની દિલ્લી સહિતના ઉત્તર ભારતમાં સારી એવી માંગ છે. રાજ્યનું ઑર્ગેનિક આયોગ ૨૦૧૫ના અંત સુધીમાં સિક્કિમને ભારતનું પહેલું ઑર્ગેનિક રાજ્ય બનાવવાની નેમ પણ ધરાવે છે. રાજ્યના પોંગલા, ચીસોપાની, સલધારી જેવાં અનેક ગામોએ સજીવ ખેતી અપનાવીને પરિવર્તનનો પવન ફૂંક્યો છે.
- **સૌ. લોકસ્વરાજ.**

# આપણું રસોડું, આપણો ડૉક્ટર ! મેથી

મેથીના દાણા ઘણા રોગોને દૂર કરે છે... ફક્ત ડાયાબીટીસ કે કબજીયાતને જ નહીં! મેથીના દાણા વાત, પિત્ત અને કફ તથા જવર અને દાહનાશક છે. મેથીના દાણામાં ફોસ્ફેરિક એસીડ, પ્રોટીન, લેસિથીન, એલ્ડેનાઈટ્સ મળે છે. એ સિવાય પણ બીજા અનેક ગુણો મેથીમાં છે. દા.ત. વિટામીન સી, સોડિયમ, કેલ્શીયમ, પોટાશ્યમ, કોલાઈન, ટ્રાયગોનેલિન, વગેરે મળે છે. એના પાંદડામાં પ્રોટીન ભરપૂર પ્રમાણમાં છે. ભૂખ લગાડનાર કેટલાક ક્ષારો પણ હોય છે. અપચો, સોજા, મોંમાં છાલા વગેરે પણ મટાડે છે. સાંધાના દર્દ દૂર કરવામાં પણ લાભકારી છે. મૂત્રાશયની શિથિલતા પણ દૂર થાય છે.

મેથીના દાણા રાત્રે પલાળીને સવારે પીઓ કે સવારમાં કે દિવસ ગમે ત્યારે દાણાનો ફાકડો મારી ઉપર પાણી પીઓ એટલે અજીર્ણ નહીં રહે. અસર ન થાય તો વધુ દાણા લો. વળી આર્થરાઈટીસ અને સાઈટીકા પણ એનાથી દૂર થાય છે. દરરોજ એક બે વર્ષ સુધી લીધા પછી અસર થાય છે. આર્થરાઈટીસ કે સાઈટીકા દૂર કરવા ૧ ગ્રામ મેથી દાણાનો પાવડર (દળેલી મેથી) સૂંઠ થોડીક અને ગરમ પાણી દિવસમાં બે ત્રણ વખત લેવાથી એ દૂર થશે.

# ગોધન સાત્વિક - સંસ્થાન

અલગ અલગ ગૌશાળાઓના ગોમૂત્ર અર્ક, સાબુ, માલીસ તેલ, બામ, ધૂપસળી, પાવડર, ફિનાઈલ, શેમ્પુ વિગેરે તથા સજીવ ખેતીના ગોળ, મકાઈ, દેશી ગાયનું વલોણાનું ઘી, આંબળા તેમજ પંચગવ્ય મિશ્રિત આયુર્વેદિક દવાઓનું એક વેચાણ કેન્દ્ર શરૂ કરવામાં આવેલ છે. **ગોધન સાત્વિક સંસ્થાન,**

૪૫ જેઠવા નગર, સ્ટેશન પાસેજ,
કાંદિવલી (પશ્ચિમ), મુંબઈ

**નોંધ: તાજા સજીવ ખેતીના શાકભાજી, ફળો, દેશી ગાયનું દુધ વિ. ની પણ વ્યવસ્થા થઈ શકે તેમ છે. આ માટે ગોપ્રેમી સજ્જનોની એક મીટીંગ ઉપરના સ્થળે સવારે ૧૦.૦૦ વાગે રવિવાર તા.૧૮.૧૦.૧૫ ના રાખેલ છે. સહુ ગોપ્રેમીઓને હાજર રહેવા ખાસ નમ્ર વિનંતિ છે.**
**સંપર્ક : હરખચંદભાઈ સોની - ૯૩૨૨૨૬૭૦૮૬,**
**દુકાન : ૮૦૯૭૨૦૮૧૯૧**

R.N.I. No.MAHGUJ / 2002 / 9750

# સમાજસેવા માટે જાતે જ સંસ્થા બનો

એક યુવાન ડંકન ગુસ સુખ-સાહ્યબી છોડીને વિશ્વના પ્રવાસે નીકળી પડ્યો હતો તે જાણવા કે દુનિયાના અન્ય પ્રાંતોમાં લોકો કેવી રીતે જીવન ગુજારે છે. તેના આ પ્રવાસ દરમિયાન તેને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો અને જ્યારે તે આફ્રિકાના આદિવાસી વિસ્તારમાં પહોંચ્યો ત્યારે તેને જિંદગીમાં પાણીનું મહત્ત્વ સમજાયું. (જો સમયસર પૂરતો વરસાદ નહીં પડે તો આપણે ભારતીયોને પણ તેનું મહત્ત્વ તુરંત સમજાઈ જશે કે પાણી વગર લાઈફ કેટલી ડિફિકલ્ટ છે.) કારણ કે આફ્રિકાના આ પ્રદેશમાં વર્ષે ૨૦ લાખ લોકો પાણીના અભાવે મૃત્યુ પામે છે. આનાથી વ્યથિત ડંકન ગુસ તરત લંડન પાછો ફર્યો, તેના મિત્રો સાથે તેના અનુભવોનું વર્ણન કર્યું અને નક્કી કર્યું કે આ આદિવાસીઓની પાણીની તકલીફ કાયમના ધોરણે દૂર થઈ શકે તેના માટે બનતા પ્રયત્નો જાતે જ કરવા. કોઈ સંસ્થાને દાન આપીને આ કાર્ય નથી સોંપવું પણ કોઈ ચોક્કસ રણનીતિ ઘડીને કરવું છે તેના માટે તેના મિત્રો સાથે ચર્ચાઓ કરી. હવે આપણે જાણીએ કે ડંકન ગુસે આદિવાસીઓને પાણીની તકલીફમાં રાહત આપવા કયા પ્રયત્નો કર્યા.

ડંકન ગુસના મિત્રોએ સાથે મળીને 'ધ ગ્લોબલ એથિક્સ' નામની સંસ્થા આ કાર્ય માટે સ્થાપી અને નક્કી કર્યું કે તે વ્યાપાર કરશે અને તેમાં જે નફો થશે એ આદિવાસી લોકોના કલ્યાણ માટે વાપરશે. પાણીની સમસ્યા હોઈ ગ્લોબલ એથિક્સે પાણીની બોટલના ક્ષેત્રથી શરૂ કરવાનું નક્કી કર્યું. પાણીની બોટલના બિઝનેસનો પ્લાન ફાઈનલ થઈ ગયો ત્યાં પ્રશ્ન આવ્યો કે પાણીની બોટલની બ્રાન્ડ કઈ રાખવી? નક્કી કર્યું કે પ્રથમ વેન્ચર છે તો 'વન' બ્રાન્ડનેમ રાખવું. પાણીની બોટલો ભરાઈ ગઈ નામ નક્કી થયું પણ પ્રશ્ન આવ્યો કે આ પાણીની બોટલો વેચવી કોને? આ સમયે લંડનમાં ૨૦૦૫માં 'લાઈવ ૮' નામની મ્યુઝકિ કોન્સર્ટ થઈ રહી હતી. ગ્લોબલ એથિક્સે તેઓનો સંપર્ક કરીને વન બ્રાન્ડ વોટરની જન્મકથની સમજાવી અને કોન્સર્ટના મેનેજમેન્ટને કહ્યું કે વન બ્રાન્ડ વોટર એન નેક કામ છે અને જો તેને ઓફિશિયલ વોટર સપ્લાયર્સ પાર્ટનર બનાવવામાં આવે તો વન બ્રાન્ડ વોટર માટે તે એક મોટું લોન્ચિંગ પેડ હશે અને આ કોન્સર્ટના માધ્યમથી આ વોટરબોટલના બિઝનેસનો ધ્યેય લોકો સુધી પહોંચાડી શકાશે. કોન્સર્ટના મેનેજમેન્ટને આ આઈડિયા પસંદ આવ્યો અને રાતોરાત વન બ્રાન્ડ વોટરનું નામ લોકોની જીભે ચડી ગયું! વન બ્રાન્ડ વોટર બહુ મોટું બ્રાન્ડ નેમ થઈ ગયું અને યુરોપના મોટા મોટા ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સમાં તેની માગ ઊઠવા લાગી અને તેનો વ્યાપ વધીને અમેરિકા, યુરોપ, મલેશિયા, સાઉથ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા વગેરેમાં પણ બજારો સર કરવા લાગી અને બિલિયન ડૉલર્સની કમાણી કરવા લાગી. વન બ્રાન્ડ વોટરન વેચાણની કમાણીના નફામાંથી પહેલા વર્ષે આફ્રિકાના આદિવાસી વિસ્તારોમાં ૭૫૦ જેટલી ડંકીઓ બેસાડી. આ પંપ્સ એટલા આધુનિક છે કે તે જમીનમાંથી પાણી સરળતાથી કાઢી શકે છે અને પંપ ચલાવવામાં એટલા સરળ છે કે નાનુ છોકરું પણ ચલાવી શકે તેથી નામ પણ રાખ્યું પ્લે પંપ. વન બ્રાન્ડ નામ એસ્ટાબ્લિશ્ડ થઈ જતા આગળ જતા વન બ્રાન્ડના ટોઈલેટ પેપર્સ, ઈંડાઓ વગેરે પ્રોડક્ટ્સ પણ માર્કેટમાં ઉતારી અને નફામાંથી આદિવાસી કલ્યાણના કામો કરવા લાગ્યા. ડંકન ગુસની આ એક્ટિવિટીએ ઘણા ભ્રમ તોડી નાખ્યા કે સમાજસેવા માટે કોઈ નામી સંસ્થામાં જોડાઈને ટ્રસ્ટી કે પ્રમુખપદે બિરાજવાની કે તેના માટે પોલિટિક્સ રમવાની જરૂર નથી. ગુસે એ પણ સાબિત કર્યું કે સમાજસેવા માટે ફંડફાળાની જરૂર નથી પણ સ્માર્ટ સ્ટ્રેટેજી જરૂરી છે. સાથે એ પણ જરૂરી નથી કે ૨૪ કલાક આ સંસ્થામાં જ જોડાઈ રહો. ગુસના ગ્લોબલ એથિક્સ બિઝનેસે સ્વતંત્ર બિઝને સ્પેશિયલી ચેરિટેબલ પર્પઝ માટે સ્થાપીને આ ગ્રુપના સભ્યો તેની ફેમિલી લાઈફ પણ ખુશીથી જીવે છે. આમ ગુસ જાતે જ સંસ્થા બની ગયા. સમાજસેવા ત્યારે રંગ લાવે જ્યારે સેવક માનવા લાગે કે 'ટુ સર્વ ઈઝ બ્યુટિફુલ બટ ઓન્લી ઈફ ઈટ ઈઝ ડન વીથ જોય એન્ડ અ હોલ હાર્ટ એન્ડ અ ફ્રી માઈન્ડ'.- **પ્રકાશ દેસાઈ, સૌ.મું. સમાચાર.**

**મિચ્છામી દુક્કડમ્**

---

**Post Registration No. MNW/277/2015-17**
Registration No. with Registrar of Newspaper
RNI No. MAHGUJ/2002/9750
Posted at Liberty Garden, P.O.
on 5th or 6th of every month.

**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**રમેશ એસ. દોશી (નિમિત માત્ર)**
**બી/૬૦૧, નંદનવન કો.ઓ.હા.સો.લિ.**
**નરસિંગ લેન, ડી.એસ. નગર, મલાડ (પશ્ચિમ),**
**મુંબઈ- ૬૪. મો.નં.: ૭૫૦૬૭૫૦૨૫૧, ૯૪૨૭૬૬૩૪૭૩**
Email: doshir65@gmail.com **થી પ્રકાશિત કર્યું.**
**મુદ્રણ સ્થળ : ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ, અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**

**ગોરક્ષા પાત્ર**
**गाय बैल बचेंगे**
**देश बचेगा**

To,